# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
## જૂનાગઢ-૩૬૨૦૦૧

**જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની જા. ક્ર.: ૦૧/૨૦૧૭ અન્વયે ખેતીવાડી મદદનીશ(કૃષિ ઇજનેરી) સંવર્ગના કર્મચારીઓની નિમણૂંક માટેની ઉમેદવારોની પસંદગી પ્રક્રિયાની રૂપરેખા :**

૧. નામ.સરકારશ્રીના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૧૫-૧૨૨૩-ક, તા.૬/૧૧/૨૦૧૫ મુજબ વર્ગ-૩સંવર્ગની જે જગ્યાઓની સીધી ભરતીથી નિમણૂંક કરવાની હોય ત્યાં રૂબરૂ મુલાકાત (Interview) ની જોગવાઇ રદ્દ થતાં ફક્ત સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે જ પસંદગી કરવામાં આવશે.

૨. જાહેરાત અન્વયે **ખેતીવાડી મદદનીશ(કૃષિ ઇજનેરી)** સંવર્ગ માટે આવેલ અરજીઓની શૈક્ષણિક લાયકાત, ઉંમર વિગેરે ધ્યાનમાં રાખી માન્ય અને અમાન્ય ઉમેદવારોની યાદી આ યુનિવર્સિટીની વેબસાઇટ www.jau.in પર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે, તેમજ માન્ય ઉમેદવારોને પરીક્ષાના કોલ લેટર મોકલવામાં આવશે.

૩. **ખેતીવાડી મદદનીશ(કૃષિ ઇજનેરી)** સંવર્ગની ઓનલાઇન સ્પર્ધાત્મક પરીક્ષાનું માધ્યમ અંગ્રેજી રહેશે.

૪. પરીક્ષાનું સ્વરૂપ MCQ પ્રકારનું રહેશે, જેમાં ૯૦ મિનીટમાં ૧૦૦ પ્રશ્નોનાં જવાબ આપવાનાં રહેશે. **પ્રત્યેક પ્રશ્ન ૧ ગુણનો** રહેશે અને પ્રત્યેક પ્રશ્નમાં ઉમેદવારને ચાર વિકલ્પો આપવામાં આવશે, તેમાંથી એક વિકલ્પ પસંદ કરવાનો રહેશે અને સદરહું ઓનલાઇન સ્પર્ધાત્મક પરીક્ષા કોમ્પ્યુટર પર (ઓન લાઇન) લેવામાં આવશે અને **માઇનસ ૦.૨ માર્કસ (એક પ્રશ્ન ખોટો પડે તો)**ની પધ્ધતિ રાખવામાં આવેલ છે.

૫. પ્રશ્નપત્રમાં પ્રશ્નોનું વર્ગીકરણ નીચે મુજબ રહેશે.

| | | |
|---|---|---|
| (અ) | સામાન્ય જ્ઞાન (ગુજરાતનો ઇતિહાસ અને સંસ્કૃતિ, તેમજ ભારત અને ગુજરાતનાં વર્તમાન બનાવો) | ૨૦ પ્રશ્ન |
| (બ) | માન્ય કૃષિ યુનિવર્સિટીઓમાં ચાલતા ત્રણ વર્ષનાં પોલીટિકનીક ઇન એગ્રી. એન્જીનીયરીંગ અને એગ્રો પ્રોસેસીંગનાં અભ્યાસક્રમમાંથી | ૮૦ પ્રશ્ન |
| | **કુલ (અ + બ):** | **૧૦૦ પ્રશ્ન** |

૬. ઉપરોક્ત પરીક્ષાના આધારે ૧૦૦ ગુણમાંથી ઉમેદવારે મેળવેલ ગુણને આધારે મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે અને નિમણુંક આપવાના થતાં ઉમેદવારોને ડોક્યુમેન્ટ વેરીફિકેશન માટે બોલાવવામાં આવશે, અને વેરીફિકેશન વખતે જો કોઇ વિસંગતતા જણાશે તો ઉમેદવાર ભરતીના ગમે તે સ્ટેજે પહોંચેલ હશે તો પણ તેમની અરજી અમાન્ય થવા પાત્ર રહેશે, અને મેરીટ મુજબ ઉમેદવારને જાહેરાતમાં જણાવેલ જગ્યા તેમજ પ્રવર્તમાન અનામત નિતિને ધ્યાને લઇ નિમણુંક આપવામાં આવશે.

૭. ઉક્ત સંવર્ગનાં ઓનલાઇન સ્પર્ધાત્મક પરીક્ષા દરમ્યાન તૈયાર થયેલ અગ્રતાક્રમમાં પરીક્ષાનું મેરીટ એકસરખુ થાય ત્યારે જી.પી.એસ.સી. અને યુ.પી.એસ.સી.નાં પ્રવર્તમાન નિયમો ધ્યાને લઇ નીચેની વિગતે યોગ્ય નિર્ણય લઇ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

(અ) જો એક કરતા વધારે ઉમેદવારોના માર્કસ એકસરખા આવેલ હોય, તો જે સંવર્ગ માટે નક્કી થયેલ શૈક્ષણિક લાયકાત મુજબની કક્ષાએથી મેળવેલ માર્કસને ધ્યાને લઇ તે મુજબ અગ્રતાક્રમ યાદી બનાવવામાં આવશે.

(બ) ઉક્ત (અ) મુજબ ગણત્રી કરતાં તેમાં પણ એક કરતા વધારે ઉમેદવારો સરખા માર્કસ ધરાવતા હોય તેવા ઉમેદવારો માટે તેમની જન્મ તારીખ ધ્યાનમાં રાખી અગ્રતાક્રમ યાદી બનાવવામાં આવશે.

૮. આ જાહેરાતને સંલગ્ન તમામ સૂચનાઓ આ યુનિવર્સિટીની વેબસાઇટ www.jau.in પર વખતો વખત પ્રસિધ્ધ કરવામાં આવશે. જેથી અરજી કરેલ ઉમેદવારોએ યુનિવર્સિટી વેબસાઇટ સમયાંતરે જોતું રહેવા જણાવવામાં આવે છે.

**ખેતીવાડી મદદનીશ(કૃષિ ઇજનેરી) સંવર્ગની નિમણૂક માટે ઓનલાઇન પરીક્ષા અંગે સૂચનાઓ**

| વિગત | તારીખ | સમય | લેખિત પરીક્ષાનું સ્થળ |
|---|---|---|---|
| ઓનલાઇન પરીક્ષા | તા. ૨૮/૦૪/૨૦૧૮ | સવારે **૧૧:૦૦ થી ૧૨:૩૦** | એક્ઝામીનેશન હોલ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ |

- ઓનલાઈન પરીક્ષા સમયે કોલલેટર સાથે લઈને આવવાનું રહેશે તેમજ ઉમેદવારે પરીક્ષા સમય પહેલા એક (૦૧) કલાક વહેલા આવવાનું રહેશે. મોડા આવનારને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી.
- તા.૨૮/૦૪/૨૦૧૮ના રોજ લેવામાં આવનાર ઓનલાઈન પરીક્ષાનું પરિણામ યુનિવર્સિટી ભવન તથા યુનિવર્સિટી વેબસાઈટ www.jau.in ઉપર મુકવામાં આવશે.
- ઉમેદવારે ઓનલાઈન પરીક્ષાના સમયે કોલલેટર ઉપરાંત પોતાના ફોટાવાળું ઓળખપત્ર સાથે લઈને આવવાનું રહેશે. જે માટે આધાર કાર્ડ / ડ્રાઈવીંગ લાયસન્સ / ચૂંટણી કાર્ડ / પાસપોર્ટ / ફોટા સહિતની માર્કશીટ કે પ્રમાણપત્ર વિગેરે પૈકી કોઈપણ પુરાવો સાથે લાવવાનો રહેશે, ઓળખનો કોઇ એક પુરાવો રજૂ કરવામાં નહીં આવે તો પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં.
- મોબાઈલ, ટેબલેટ કે કેલક્યુલેટર જેવી વસ્તુ પરીક્ષા ખંડમાં સાથે રાખી શકાશે નહીં.
- ઓનલાઈન પરીક્ષા માટે ઉમેદવારે સ્વખર્ચે આવવા-જવાનું રહેશે તેને માટે યુનિવર્સિટી તરફથી કોઈ ભાડા-ભથ્થું ચુકવવામાં આવશે નહીં.
- ઓનલાઈન પરીક્ષા માટેનો સીલેબસ તથા ઓન લાઈન પરીક્ષાની રૂપરેખા આ યુનિવર્સિટીની વેબસાઈટ www.jau.in ઉપર પ્રદર્શિત કરેલ છે અને **ઓનલાઈન પરીક્ષાને લગતી અન્ય સૂચના/ફેરફાર માટે વેબસાઈટ ચકાસતા રહેવું.**
- ઓનલાઈન પરીક્ષાની તારીખ તથા સમયમાં ફેરફાર કરવા અંગેની અબાધિત સત્તા નીચે સહી કરનારને રહેશે.

**કુલસચિવ**

**જૂનાગઢ**

**તા. ૨૩.૦૪.૨૦૧૮**



D:\My Document\A.2(1)\BHARTI-2017\Notic Bhari-2017.doc